ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૩૩ ટકા

# શહેરમાં ઘરે ઘરે માંદગીના ખાટલા

## કોરોનાની સાથે સાથે અન્ય પ્રકારના ફલુના વાયરસ સક્રિય બનતા ઘેર ઘરે શરદી, ઉધરસ, તાવના કેસો

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી શરદી, ઉધરસ અને તાવના કેસો વધી રહ્યા છે. હાલમાં કોરોનાની સાથો સાથ અન્ય પ્રકારના વાયરસ સક્રિય હોવાથી ઘરે ઘરે જાણે માંદગીના ખાટલા છે. ખાસ કરીને જે ઘરમાં વડીલો અને બાળકો હોય તે ઘરમાં વડીલો અને બાળકો હોય તે ઘરમાં એકાદ જણ તો બીમાર હોય જ એવો સિનારીયો જોવા મળી રહ્યો છે.

આ વર્ષે શિયાળાની ઋતુ ખુબ લાંબી ચાલી છે. છેક ડિસેમ્બરની શરૂઆતથી લઈને અત્યાર સુધી આકરી ઠંડી પડી રહી છે. આખરી ઠંડીની સાથોસાથ વિવિધ પ્રકારના વાયરસ સક્રિય થતાં માંદગીના કિસ્સા વધ્યા છે. જેના કારણે દર્દીઓની સંખ્યા વધી રહી છે. ખાનગી કીલીનીકો પર અને સિવિલ હોસ્પિટલનાં દર્દીઓની સંખ્યા સારી એવી જોવા મળી રહી છે. જાન્યુઆરી માસની શરૂઆતમાં જ કોરોનાની ત્રીજી લહેર સક્રિય બની અને તે સાથે જ વારંવાર વાતાવરણમાં ફેરફાર આવતા માંદગીનું પ્રમાણ વધ્યું છે. અત્યારે તો એવી હાલત છે કે દર ત્રીજા ઘરે કોઈને કોઈ વ્યકિત શરદી-ખાંસીથી પીડાય છે. હાલમાં કોરોનાની સાથો સાથ સીઝનલ ફલુના વાયરસ સક્રિય હોવાથી દર્દીઓ તો વધ્યા જ છે. સાથો સાથ શરદી-તાવની દવાઓના વેચાણમાં ઉછાળો આવ્યો છે. મેડીકલ સ્ટોર પર શરદી-તાવની દવા લેવા આવનારાઓની સંખ્યા ખુબ વધુ છે. વારંવાર આવી રહેલા વાતાવરણીય ફેરફારોએ માંદગી વધારી છે.

### બધા જ પ્રકારના ફલુ અત્યારે સક્રિય છે



છેલ્લા એકાદ માસથી શરદી-તાવના કેસો ખુબ વધ્યા છે. કોરોના સક્રિય છે સાથોસાથે અન્ય પ્રકારના ફલુના વાયરસ પણ સક્રિય બન્યા છે. જેના પરીણામે દર ત્રીજો દર્દી શરદી-ખાંસી-તાવની ફરિયાદ લઈને આવે છે. દરેક દર્દીને કોરોના હોય તેવું નથી. અત્યારે સાદો ફલુ, સ્વાઈન ફલુ અને રાયનો-વાયરસ ફલુના કેસો પણ આવી રહ્યા છે. જેમાં શરદી, ખાંસી અને તાવના જ લક્ષણો હોય છે.

**- ડો. દિનકર ગોસ્વામી**
**હેડ, મેડીસીન વિભાગ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર**

### હાલમાં ઓમિક્રોન અને ડેલ્ટા વેરીયન્ટના કેસો સક્રિય છે



હાલમાં શહેરમાં ઘણા બધા દર્દીઓ જોવા મળી રહ્યા છે. જેમને શરદી, ખાંસી, તાવના લક્ષણો છે. કોરોનાના બંને પ્રકારના વેરીયન્ટ ઓમિક્રોન અને ડેલ્ટા સક્રિય હોવાથી કેસોની સંખ્યા વધુ છે. ધીમેધીમે કેસોમાં ઘટાડો આવી રહ્યો છે. ઓમિક્રોન કોરોનાના લક્ષણો હળવા છે. શરીર તુટવું, ગળામાં દુઃખાવો અને તાવ જેવા લક્ષણો ઓમિક્રોનમાં જોવા મળી રહ્યા છે.જયારે ડેલ્ટા વાયરસમાં દર્દીઓના ફેફસાને અસર પહોંચી રહી છે.

**- મહેન્દ્ર ગજ્જર**
**શ્રધ્ધાદીપ લેબોરેટરી**

### કોરોનાના પેશન્ટને હાલમાં માઈલ્ડ લક્ષણો જ છે



કોરોનાની ત્રીજી લહેર ઓમિક્રોન વેરીયન્ટના કારણે છે. હાલમાં ઓમિક્રોન કોરોના કેસો આવી રહ્યા છે. પરંતુ ધીમે ધીમે સંખ્યા ઘટી રહી છે. સારી વાત તો એ છે કે જે પણ દર્દીઓ આવી રહ્યા છે તે તમામને માઈલ્ડ લક્ષણો જ છે. સાદી દવાથી જ તેઓ ઘરે બેઠા સાજા થઈ રહ્યા છે. કોઈ દર્દીને દાખલ કરવાની જરૂર ઉભી થઈ હોય તેવું આ લહેરમાં બન્યું નથી. કોરોનાના કેસોની સાથો સાથ સાદા ફલુના કેસો પણ આવી રહ્યા છે.

**- ડો. ખીલન મણીયાર સિનિયર ફિઝિશ્યન**

## આર જી પટેલ કન્યા વિદ્યાલય ખાતે એમઓએ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩
ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સ, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સેક્ટર-૧૨ તથા એમબી પટેલ પ્રાઈમરી સ્કૂલ-સેક્ટર-૨૩ના વિદ્યાર્થીઓ એમઓએ (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ) અન્વયે આર. જી. પટેલ કન્યા વિદ્યાલય ATL (અટલ ટીન્કરીંગ લેબ)નો લાભ લઈ શકશે. તેના સાધનો દ્વારા પ્રેક્ટીકલ કરી શકશે તથા વિદ્યાર્થીઓના મનમાં ઉદભવતા નવીન વિચારોને પ્રાયોગિક માર્ગદર્શન મળી રહેશે. આ કાર્યક્રમમાં આર.જી. પટેલ સંસ્થાનના આચાર્ય ગીતેશભાઈ પટેલ ATL ના હેતુ વિશે વિશેષ છણાવટ કરી યોગ્ય માર્ગદર્શન પુરું પાડ્યું હતું. ઉત્કર્ષ ભાઈ પટેલે ATL ઓવરવ્યુ વિશે વાત કરી સુંદર માહિતી આપી હતી. શાળાના વિજ્ઞાન શિક્ષક વિજયભાઈ પટેલ એ શાળામાં ATL માં થતી વર્ષ દરમિયાનની પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ. બી. પટેલ ઇંગ્લીશ મીડીયમ સ્કુલના સેજલબેન પરમારે કરી હતી. કાર્યક્રમમાં અન્ય સંસ્થાઓના આચાર્ય હાજર રહ્યા હતા ડીપાર્ટમેન્ટ ઓફ ફિજીકસમાંથી આશિષભાઈ પટેલ, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી માંથી ચેતનભાઇ સાંગાણી, સ્વામી વિવેકાનંદ સ્કૂલ માંથી ભાવેશભાઈ જાની તથા એમ.બી. પટેલ પ્રાઈમરી સ્કૂલમાંથી નીરૂબેન પટેલ હાજર રહ્યા હતા. પટેલ શૈલેષભાઈ દ્વારા સંસ્થા વતી સૌ આમંત્રિત મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં રિસર્ચ અંગે યોજાઈ કાર્યશાળા




ગાંધીનગર, તા.૩
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑફ એક્રેડિટેશન અને ડિપાર્ટમેન્ટ ઑફ સાયકોલોજી દ્વારા 'રિસર્ચ ઈન નેક એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન' વિષય પર એક દિવસીય કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ યોજાઈ ગયો. જેમાં યુનિવર્સિટીના અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકો અંગેના રિસર્ચ માટે દેશભરમાં જાણીતી છે, ત્યારે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે વધુમાં વધુ સંખ્યામાં ગુણવત્તાયુક્ત રિસર્ચ પર ભાર મૂક્યો હતો. તેમજ તેમણે સૌ અધ્યાપકોને ટૂંક સમયમાં તેમના રિસર્ચની 'લાઈન ઑફ એક્શન' જમા કરાવવા કહ્યું હતું. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ યુનિવર્સિટીમાં સંશોધનની ભૂમિકા રજૂ કરી. સાથે તેમણે પેટન્ટની સંખ્યા વધારવા, ઈ-કન્ટેન્ટ તેમજ ઈ-બુક્સ ડેવલપ કરવા સૂચન કર્યું હતું. ઉપરાંત તેમણે અધ્યાપકોને તેમનાં રિસર્ચપેપર યુજીસી કેરમાં પબ્લિશ કરાવવાં પણ સૂચન કર્યું. કાર્યક્રમના મુખ્ય સંયોજક અને એક્રેડિટેશન વિભાગના અધ્યક્ષ ડૉ. સંજય ગુપ્તાએ નેક એક્રેડિટેશનમાં સંશોધનની ભૂમિકા અને તેના જુદા-જુદા વિભાગો વિશે વિગતે સમજૂતી આપી હતી. ડૉ. મહેશ જારિયાએ સંદર્ભસૂચી અને સાઈટેશન તેમજ સંશોધન માટેની જુદી-જુદી ફંડિંગ એજન્સીઓ વિશે રજૂઆત કરી, જ્યારે હર્ષુલ બ્રહ્મભટ્ટે ઈનોવેશન અને ઈકો-સિસ્ટમ પર વક્તવ્ય આપ્યું હતું. મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો. બી.ડી. ઢીલાએ સંશોધનદરખાસ્ત, જુદી-જુદી ફંડિંગ એજન્સીમાં કઈ રીતે બનાવવી તેની તેમજ તેના જુદાં-જુદાં પગથિયાં વિષયક વિગતે સમજૂતી આપી હતી. કાર્યક્રમના અંતે ડૉ. ગુપ્તાએ રિસર્ચ ફોરમ બનાવવા જ્યારે ડૉ. ભૈરવી દીક્ષિતે તેમજ ડૉ. કુણાલ પંચાલે રિસર્ચ પ્રવૃત્તિ વધારવા અંગે મહત્ત્વના સૂચનો રજૂ કર્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.રોનક પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર સાહિત્ય સભાની કારોબારી બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૩
ગાંધીનગર સાહિત્યસભા એમની કારોબારી બેઠક દર ત્રણ મહિને આયોજિત કરે છે અને એમાં આવનારા સમયમાં થનારાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર સાહિત્યસભાની કારોબારી બેઠક સદસ્ય ભોજનાલય ખાતે યોજાઈ હતી. સાહિત્યસભાના પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ ભવિષ્યના આયોજન વિશે ચર્ચા કરી હતી. આવનારા દિવસોમાં સલાહકાર કવિ શ્રી કિશોર જિકાદરાના ગઝલ સંગ્રહ 'હૈયાસરસી' અને ઉપાધ્યક્ષ નવલકથાકાર શ્રી કલ્પેશભાઈ પટેલની નવલકથા 'ઊર્ધ્વલોક'ના વિમોચનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં સલાહકાર કવિ શ્રી કિશોર જિકાદરા, અધ્યક્ષ શ્રી સંજય થોરાત, ઉપાધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ રાઠોડ, કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી, કવિ શ્રી રમણભાઈ વાઘેલા, મિડિયા પ્રતિનિધિ શ્રી અજય રાવલ અને ડો. દિશા પોપટે હાજરી આપી હતી. અનુપસ્થિત રહેલા મહામંત્રી શ્રી રમેશ ઠક્કર, નેહલ ગઢવી, શ્રી અશ્વિન ત્રિવેદી અને શ્રી ઉમંગ વસાણીએ કારોબારીમાં લેવાયેલા નિર્ણયને ટેકો આપ્યો હતો. ગુજરાતી સાહિત્ય માટે અવનવાં કાર્યક્રમોની સમુહ ચર્ચા અને પછી સમુહ ભોજન સાથે કારોબારી સંપન્ન થઈ હતી.

## 'દિકરી દેવો ભવઃ' યોજના હેઠળ આજે 'આનંદી માના વડલે' ૨૩મું લગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૩
ભારતીય સંસ્કૃતિમાં કન્યાદાન એ અત્યંત પવિત્ર પ્રસંગ તરીકે સમાજ જીવનમાં સ્થાન ધરાવે છે. જોકે અત્યારના મોંઘવારીના સમયમાં જરૂરિયાતમંદ વર્ગના પરિવારો માટે દિકરી પરણાવવી એટલે આર્થિક બોજ તળે દબાઈ જવાય તેવી પરિસ્થિતિ ઉભી થવા જેવું કામ થઈ જાય છે તેમાં પણ જે દિકરીના મા-બાપ કે બાપ જીવિત ના હોય તેવી નિરાધાર દિકરીના લગ્ન પરિવાર દુષ્કર બની જાય છે. આ સ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના માણસા પાસેના 'આનંદી માનો વડલો' સંસ્થા ખાતે છેલ્લાં કેટલાંક માસથી 'દિકરી દેવો ભવઃ' નામની યોજના શરૂ કરવામાં આવી છે જે યોજના અંતર્ગત સંસ્થા ખાતે કોઈ પણ જાતિ-જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારોની નિરાધાર દિકરીના લગ્ન સંપૂર્ણ રીતિરિવાજ અનુસાર વિનામૂલ્યે ધામધૂમથી કરી આપવામાં આવે છે જે અંતર્ગત આવતીકાલે ૨૩મું લગ્ન યોજાશે.

આવતીકાલે માણસાના 'આનંદી મા ના વડલે' મા પાલઈ વિધ્નેશ્વરી ધામ ખાતે 'દિકરી દેવો ભવઃ' યોજના અંતર્ગત ૨૩મું લગ્ન થઈ રહ્યું છે. દલિત સમાજની મા-બાપ વિનાની નિરાધાર દિકરીનું લગ્ન છે. આ લગ્ન સમારંભના દાતા ગુજરાતના વિશ્વ પ્રસિદ્ધ લોક ગાયક કિર્તિદાન ગઢવી છે. લગ્ન સમારંભ સંપન્ન થયા બાદ દિકરીની આરતી ઉતારીને કન્યા વિદાય આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'આનંદી માનો વડલો' સંસ્થાના માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર યોજના ચલાવાઈ રહી છે.

## સુપોષણ અભિયાન અંગેની કામગીરીના સંદર્ભે ભાજપા મહિલા મોરચાની બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૩
મહાનગર ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ', ખાતે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. દીપિકાબેન સરડવાની વિશેષ ઉપસ્થિતિમાં નમો એપ થકી ભાજપાના માઈક્રો ડોનેશન અભિયાન તેમજ સુપોષણ અભિયાન અંગેની કામગીરીના સંદર્ભે મહાનગર ભાજપા મહિલા મોરચાની બેઠક તા.૨ ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગઈ હતી જેમાં વિવિધ મુદ્દે બેઠકમાં ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માઈક્રો ડોનેશન અભિયાન અંતર્ગત સૌ એ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના રેફરલ કોડ સાથે ડોનેશન કર્યું હતું. મહાનગર ભાજપા સોશિયલ મીડિયા વિભાગ દ્વારા નમોએપના ઉપયોગથી ડોનેશનની પ્રક્રિયા અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ ચંદ્રિકાબેન લીંબાચિયા, પ્રદેશ મહિલા મોરચા કાર્યાલય મંત્રીશ્રી અર્ચનાબેન ઠાકર, મહાનગર મહિલા મોરચા પ્રમુખ કુ.પ્રિયાબેન પટેલ, મહિલા કોર્પોરેટરશ્રીઓ, સંગઠનના મહિલા હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દંતાણી કમુબેન ગાલાભાઈ**, ઉ.વ. ૬૨, દોસારાણા વાસણા
- **સ્વ. જોષી હરેશકુમાર ડાહ્યાલાલ**, ઉ.વ. ૬૫, વરેઠા, ખેરાલુ
- **સ્વ. ભંગી ઈરાભાઈ પુંજાભાઈ**, ઉ.વ. ૭૦, સેકટર-૧૦
- **સ્વ. પટેલ દષ્ટી ચેતન**, ઉ.વ. ૨૩, સેકટર-૨૮
- **સ્વ. બિહોલા કૈલાશબેન અમરસિંહ**, ઉ.વ. ૫૦, પાલજ
- **સ્વ. વાઘેલા મનોજસિંહ જુજારસિંહ**, ઉ.વ. ૪૩, લેકાવાડા
- **સ્વ. સોલંકી મંગુબા સુરસંગજી**, ઉ.વ. ૮૦, લેકાવાડા
- **સ્વ. પટેલ જસવંતલાલ કાંતિલાલ**, ઉ.વ. ૭૪, સેકટર-૮
- **સ્વ. રાણા રંજનબેન ધર્મેન્દ્રસિંહ**, ઉ.વ. ૩૯, નવા ધરમપુર (ભૂંડીયા)
- **સ્વ. દંતાણી દિનેશકુમાર બચુભાઈ**, ઉ.વ. ૪૫, સે-૨૩, છાપરાં
- **સ્વ. ઠાકોર મહેશજી અંબાલાલ**, ઉ.વ. ૩૨, ફતેપુરા
- **સ્વ. યાજ્ઞિક કુસુમબેન ત્રંબકલાલ**, ઉ.વ. ૯૧, સેકટર-૩
- **સ્વ. પટેલ ગોરધનભાઈ ઈશ્વરદાસ**, ઉ.વ. ૯૦, રીદ્રોલ, માણસા

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. લીમગાવકર શરદચંદ્ર લક્ષ્મણરાય**, ઉ.વ. ૭૪, સેકટર-૩
- **સ્વ. ત્રિવેદી દેવીપ્રસાદ કામેશ્વર**, ઉ.વ. ૯૩, સેકટર-૨

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા યોજાયો સાહિત્યક સંગીતમય કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩
ગુજરાત સાહિત્ય અકાદમી અને ઉદ્દગમ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સંસ્કારભારતીની પ્રેરણાથી આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં બે દિવસીય સાહિત્યક સંગીતમય કાયક્રમનું આયોજન ઓડિટોરિયમ, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર -૧૭ ખાતે કરવામાં આવેલ હતું. પ્રથમ દિવસે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના ૧૨૫માં જન્મજયંતિ વર્ષ નિમિતે 'વંદન મેઘાણી' અને બીજા દિવસે મહાત્મા ગાંધીના નિર્વાણ દિને 'ઉદ્ગમ શબ્દ સુરોત્સવ'નું આયોજન કર્યુ હતું . ઉદગમના મેં. ટ્રસ્ટી ડો. મયુર જોષીના શાબ્દિક સ્વાગત પ્રવચન બાદ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, જાણીતા સાહિત્યકાર વસંતદાન ગઢવી અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવએ કર્યું હતું. સંસ્કાર ભારતીના અધ્યક્ષ ભીખુદાન ગઢવીએ શાબ્દિક સ્વાગત પ્રવચન કર્યું હતું. ઉદગમ







શબ્દ સુરોત્સવમાં મહેમાન તરીકે ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, અને સ્ટેન્ડિંગ કમિટી, ચેરમેન જશવંતભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

'વંદન મેઘાણી' કાર્યક્રમમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ લખેલા સાહિત્યમા રાષ્ટ્રભક્તિનો પણ ઉત્તમ વિચાર અને રચનાઓની સાહિત્યિક સંદર્ભ ઘનશ્યામદાન ગઢવીએ ખુબ જ સુંદર રીતે આલેખ્યો હતો. મેઘાણી દ્વારા રચિત સાહિત્યક રચનોને પોતાના કલાકરો ભીખુદાનભાઈ ગઢવી, માયાબેન ચૌહાણ, ડૉ.રાજન ચૌહાણે પોતાના કંઠના કામણ થકી સર્વે શ્રોતાજનોના માનસ સુધી પહોંચાડી આપણી માટીની મહેક ઉજાગર કરીને સહુના મન થનગનાટ કરતા કરી દીધા હતા.

મહાત્મા ગાંધીના નિર્વાણ દિને 'ઉદ્ગમ શબ્દ સુરોત્સવ'માં શુભમ પંડ્યાએ ગુજરાતના ખુબ જ જાણીતા સાહિત્યકારોએ શૂન્ય પાલનપુરી, અરદેશર ફરામજી ખબરદાર, સ્નેહલીલા દેસાઈ, જમિયત પંડયા, જયંતીલાલ દવે 'વિશ્વરથ'ની ગાંધીજી વિષે લખાયેલી રચનાઓનું સુંદર નિરૂપણ કર્યું હતું. કયારેય કોઈપણ કાર્યક્રમમાં ના રજુ થાયે રચનાઓનું સ્વરાંકન અને સંકલન શિશિર ભટ્ટએ કર્યું હતું. જેને આકાશ જોશી, ઈશા નાયર, ધવલ કઠવાડિયાએ પ્રક્ષકો સમક્ષ રજુ કરીને ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

બે દિવસીય કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયા અને મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવના માર્ગદર્શન હેઠળ ઉદગમના મેં. ટ્રસ્ટી ડો. મયુર જોશી અને સંસ્કારભારતી અધ્યક્ષ ભીખુદાન ગઢવીની સાથે રહીને ડો. રાજન ચૌહાણ, રાકેશ પટેલ, પંકજ ચુડાસમા, નટુભાઈ, ચાણક્ય જોષી, મનોજ જોષીએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવીને સફળતા સાથે કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

## જન્મદિને વધામણી


**કે.બી. વ્યાસ**
મો. ૯૮૨૫૦ ૩૩૦૭૪



**ભાનુભાઈ એસ. દવે**
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮


**હરસિદ્ધ અજીતજી ઠાકોર**
મો. ૭૦૧૬૬ ૭૭૮૨૨


**તરલિકાબેન રમેશભાઈ વ્યાસ**
મો. ૯૭૨૭૧ ૬૫૩૬૦


**દિવ્યશ્રી પ્રેમલસિંહ ગોલ**


**મુકેશ ઠક્કર**


**ગીતાબેન મનીષભાઈ શાહ**
**આચાર્ય પીંપળજ પ્રા. શાળા**
મો. ૯૯૨૫૮ ૧૦૦૯૮


**હિતેષ રમેશભાઈ સોલંકી**


**જીગર જયંતીભાઈ સોલંકી**
મો. ૯૨૭૪૩ ૨૪૯૫૧


**ક્રીષા મિતેષકુમાર શર્મા**
મો. ૯૭૨૩૬ ૧૪૨૮૨